<table>
<tr><td>દાખલ તારીખ</td><td colspan="3">૨૬/૦૫/૨૦૨૬</td></tr>
<tr><td>રજીસ્ટર તારીખ</td><td colspan="3">૨૬/૦૫/૨૦૨૬</td></tr>
<tr><td>નિકાલ તારીખ</td><td colspan="3">૧૨/૦૬/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમય અવધી</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિવસ</td></tr>
<tr><td>૦૦</td><td>૦૦</td><td>૧૭</td></tr>
</table>

**રાજકોટના મહે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામઃ રાજકોટ.**

ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૧૬૮૬/૨૦૨૬.
આંકઃ ૦૯

**અરજદાર/આરોપી.**

**નરેશ ઉર્ફે ઘુઘી વસાભાઇ જખાનીયા,**
ઉ.વ. ૨૩, વ્યવસાયઃ મજુરી કામ,
રહે.લાખણકા, તા. ચોટીલા,
જીલ્લો સરેન્દ્રનગર.
**( હાલઃ સેન્ટ્રલ જેલ–રાજકોટ.)**

**–// વિરૂધ્ધ //–**

**સામાવાળા.**

**(૧) શ્રી સરકાર.**

**બાબત: બી.એન.એસ.એસ. કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

**અરજદાર તરફે :– વિધ્વાન વકીલશ્રી એ.પી.મણિયાર.**
**સામાવાળા તરફે :– વિધ્વાન એ.પી.પી.શ્રી એમ.જી.પીપળીયા.**

---

## <u>ચુ કા દો</u> –

૧. રાજકોટ શહેર આજીડેમ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૦૨૨૬૦૨૬૦/૨૦૨૬,બી.એન.એસ.કલમ ૩૦૫(એ), ૩૩૧(૧), ૩૩૧(૨), ૩૩૧(૩) ૩૩૧(૪), ૫૪ મુજબના ગુનામાં અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન પર મુક્ત થવા માટે અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આ અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરવામાં આવેલ અને નોટીસ બજતા સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે તથા તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું રજુ રાખેલ છે.

૩. અરજદાર તરફે વિદ્વાન વકિલશ્રીએ દલીલ કરી જણાવે છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતો કોઈ ગુન્હો કરેલ નથી. અરજદારને ગુનામા ખોટી રીતે સંડોવી દિધેલ છે. અરજદાર/આરોપીનુ એફ.આઈ.આર.માં નામ નથી. રીકવરી થઇ ગયેલ છે. અરજદાર/આરોપીની તા.૨૩/૦૫/૨૦૨૬ના રોજ અટક કરેલ છે. આ ગુનાના કામે અન્ય સહ આરોપી (૧) જીતેશ ઉર્ફે કટ્ટી મુનાભાઇ વાઘેલા અને (૨) દેવચંદ ધીરૂભાઇ ચારોલીયાના ફો.પ.અ.નં.૯૧૫/૨૦૨૬ થી જામીન મંજુર કરવામાં આવેલ છે, જેથી હાલના અરજદાર/આરોપીને પેરીટીના ગ્રાઉન્ડ ઉપર જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. અરજદાર/આરોપીને વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. અરજદાર/આરોપી કયાય નાશી ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે. જેથી હાલના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા/સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ ગંભીર પ્રકારનો ગુનો છે. ઘરફોડ ચોરી કરેલ છે. રૂપિયા ચાર લાખના દાગીનાની રીકવરી થયેલ નથી. આ કામના અરજદાર/આરોપી ગુનાહીત ઈતિહાસ ધરાવે છે. અરજદાર/આરોપી વિરૂદ્ધ તપાસ ચાલુ છે. અરજદાર/આરોપી નાશીભાગી જાય તેમ છે. જેથી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું ધ્યાને લઈ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૫. બંને પક્ષકારોને સાંભળ્યા, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લેતા તેમા જણાવેલ છે કે, ફરીયાદીની વડાળી ગામ, તા.જી.રાજકોટ ખાતે આવેલ વાડીના મકાનને તાળુ મારેલ હોય, રાત્રીના અરસામાં ફરીયાદીના મકાનના દરવાજાના તાળા તોડી હાલના અરજદાર/આરોપીએ અન્ય સહ આરોપીઓ સાથે અંદર પ્રવેશ કરી એક રૂમમાં કબાટ હતો તે કબાટના લોક તોડી તેજોરીના લોક તોડતા આ તેજોરી ખોલી જોતા તેમાથી રોકડા રૂ.૪,૦૦,૦૦૦/– તથા ચાંદીના સીકકા–૨, ચાંદીનો હાથમા પહેરવાનો પંજો–૧, બલોચુ–૧ એમ કુલ ૨૫ ગ્રામ ચાંદી કિંમત રૂ.૭૦૦૦/– ની ચોરી કરી લઈ જઈ ગુનો કરેલાનો આક્ષેપ છે. હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ અન્ય ગુનો નોંધાયેલ છે તે કેસ લોકઅદાલતમાં કેંસલ થઈ ગયેલ છે. વધુમાં આ કામે અન્ય સહ આરોપી (૧) જીતેશ ઉર્ફે કટ્ટી મુનાભાઈ વાઘેલા અને (૨) દેવચંદ ધીરૂભાઈ ચારોલીયાના ફો.પ.અ.નં.૯૧૫/૨૦૨૬ થી જામીન મંજુર કરવામાં આવેલ છે. હાલના અરજદાર/આરોપીનુ નામ એફ.આઈ.આર.મા નથી. કોઈ સીસીટીવી ફુટેજ કબજે કરવામા આવેલ નથી. હાલના અરજદાર/આરોપીને વધુ સમય જેલમા રાખવામા આવે તો પ્રી–

ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે, જેથી નામદાર સુપ્રિમ કોર્ટના **સંજય ચંદ્રા વિરૂધ્ધ સી.બી.આઇ.**ના ચુકાદામાં પ્રસ્થાપીત સિધ્ધાંત ધ્યાને લઇ અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-// **હુકમ** //-

**૧.** અરજદાર/આરોપીઓની હાલની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપી **નરેશ ઉર્ફે ઘુઘી વસાભાઇ જખાનીયા,** ઉ.વ. ૨૩, વ્યવસાયઃ મજુરી કામ, રહે. લાખણકા, તા.ચોટીલા, જી.સુરેન્દ્રનગર નાઓને રાજકોટ શહેર આજીડેમ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૦૮૦૦૨૨૬૦૨૬૦/૨૦૨૬, બી.એન.એસ.કલમ-૩૦૫(એ), ૩૩૧(૧), ૩૩૧(૨), ૩૩૧(૩) ૩૩૧(૪), ૫૪ મુજબના ગુનાના કામે **અરજદાર/આરોપીએ** રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત-જામીન આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:-**

૧) અરજદાર/આરોપીએ તપાસના કામે સહકાર આપવો તથા તપાસ કરનાર અમલદાર જયારે બોલાવે ત્યારે હાજર રહેવું.

૨) અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાહેદોને સીધી કે આડકતરી રીતે ધાક ધમકી કે લોભ, લાલચ, પ્રલોભન આપી ફોડવાની કોશિશ કરવી કે કરાવવી નહી તથા ફરીયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવું કૃત્ય કરવું કે કરાવવું નહી.

૩) અરજદાર/આરોપીએ પોતાનું રહેણાંકનુ કાયમી સરનામુ આધારકાર્ડ

અથવા ચુંટણીકાર્ડની નકલની વિગતો સાથે પોતાનો મોબાઈલ નંબર સંબંધિત કોર્ટમાં લેખિતમાં પુરસીસથી જાહેર કરવો તથા તેમાં ફેરફાર થયે નવી વિગતો સંબંધિત કોર્ટમાં રજુ કરવાની રહેશે.

૪) અરજદાર જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે સંબંધિત કોર્ટમાં સાત દિવસમાં જમા કરાવવો, જો પાસપોર્ટ ધરાવતા ના હોય તો તે અંગેનુ સોગંદનામું રજુ કરવું.

૫) અરજદાર/આરોપીએ ચાર્જશીટ થતા સુધી દર મહીનાની ૧ થી ૧૫ તારીખ સુધી એકવાર કલાક : ૧૧/૦૦ થી ૨/૦૦ વાગ્યા સુધીમાં સંબંધીત પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

૬) અરજદાર આરોપીએ આ કેસની ટ્રાયલ દરમ્યાન નિયમિત રીતે હાજર રહેવું.

૭) વધુમાં, અરજદાર આરોપીએ તેમની વિરુધ્ધના કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની બહાર જવુ નહિ.

– જામીન સંબંધીત કોર્ટ સમક્ષ રજુ કરવા.

હુકમ, આજ તારીખઃ **૧૨મી, માહેઃ જુન, સનેઃ ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૨/૦૬/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

(અશ્વીનકુમાર કે. શાહ)
ઈ/ચા. એડિશનલ સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ 00663)

*//VVK//*